# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સામાન્ય ચૂંટણી-૨૦૨૧**

**મતદાર યાદી પ્રસિધ્ધિ અંગેની જાહેર નોટીસ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ-(૧) થી ખંડ-(૯) માં નિર્દેશ કરેલ સંવર્ગોના સભ્યોની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ યોજાનાર છે. સંવર્ગવાર મતદાર યાદીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ-૫ ના પરિશિષ્ટ-અ માં નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમોના નિયમ-૩(૧) હેઠળ આખરી મતદાર યાદી તૈયાર કરવામાં આવેલ છે તેમજ નિયમ-૩(૨) હેઠળ અધ્યક્ષ દ્વારા પ્રમાણિત થયેલ આખરી મતદાર યાદી નિયમ-૪ હેઠળ પ્રસિધ્ધ કરવાની જોગવાઈ અનુસાર રાજયમાંથી સંવર્ગવાર નોંધાયેલ અને આખરી થયેલ સંવર્ગવાર મતદારોની મતદાર યાદીઓની પ્રિન્ટ કરેલી નકલો જે તે જિલ્લામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં તેમજ સમગ્ર રાજયના તમામ સંવર્ગો માટેની નકલો બોર્ડની કચેરીમાં તા.૧૬/૦૩/૨૦૨૧ થી તા.૨૩/૦૩/૨૦૨૧ સુધી જાહેર રજાના દિવસ સિવાય કચેરી સમય દરમિયાન જોઈ શકાશે. જેની નોંધાયેલા મતદારોએ નોંધ લેવી.

<u>નોંધ :-</u> જિલ્લાવાર, સંવર્ગવાર ખંડ-(૧) થી ખંડ-(૯) માં નોંધાયેલા મતદારોની ફોટા સિવાયની મતદાર યાદીની નકલ બોર્ડની વેબસાઈટ **gsebeservice.com** ઉપરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકાશે. ફોટા સહિતની મતદાર યાદીની જરૂરિયાત હોય તો વેબસાઈટ ઉપર દર્શાવેલ જિલ્લાવાર, સંવર્ગવાર નિયત કરેલ કિંમત જેટલી રકમ બોર્ડની કચેરીમાં ચલણથી, બેંક મારફતે કે ડીમાન્ડ ડ્રાફ્ટથી જમા કર્યેથી દિન-૦૩ માં નકલ બોર્ડની કચેરીમાંથી રૂબરૂ મેળવી લેવાની રહેશે.

(એ.જે.શાહ)
અધ્યક્ષ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :- ૧૬/૦૩/૨૦૨૧

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સામાન્ય ચૂંટણી–૨૦૨૧
### મત નોંધવા માટેની તારીખનું જાહેરનામુ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ–૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ–(૧) થી ખંડ-(૯) માં નિર્દેશ કરેલ મત વિભાગના બોર્ડ સભ્યોની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ–૧૯૭૪ ના વિનિયમ–૫ ના પરિશિષ્ટ-અ માં નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિના નિયમોના નિયમ-૩(૧) મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય ચૂંટણી માટે જેઓએ મતદાર તરીકે નોંધણી કરાવેલ છે, મત નોંધવા (મતદાન) માટે ચૂંટણી કાર્યરીતિના નિયમોના નિયમ–૭(૧) મુજબ મતદારો તા.૨૫/૦૪/૨૦૨૧ ને રવિવારના રોજ સવારે ૦૮:૦૦ કલાકથી સાંજના ૦૫:૦૦ કલાક દરમિયાન મતદાન (મત નોંધણી) કરી શકશે જેની સૌ નોંધાયેલા મતદારોએ નોંધ લેવી.

(ડી. એસ. પટેલ)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :- ૧૬/૦૩/૨૦૨૧

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ચૂંટણી અંગેના વિવિધ તબક્કાઓનું જાહેરનામુ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ-(૧) થી ખંડ-(૯) માં નિર્દેશ કરેલ સંવર્ગો અનુસાર બોર્ડના સભ્યોની ચૂંટણી માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૫ના પરિશિષ્ટ-અ માં નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિના નિયમોના નિયમ ક્રમાંક-૭(૨) પ્રમાણે "ચૂંટણી અંગેના વિવિધ તબક્કાઓનું જાહેરનામુ" નોંધાયેલા મતદારો માટે આજ રોજ તા.૧૬મી માર્ચ, ૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | તારીખ | વાર |
|---|---|---|---|
| ૧ | મતદાર યાદી પ્રસિધ્ધિ અંગે અધ્યક્ષની જાહેર નોટીસ | ૧૬/૦૩/૨૦૨૧ | મંગળવાર |
| ૨ | ચૂંટણીની તારીખનું જાહેરનામુ | ૧૬/૦૩/૨૦૨૧ | મંગળવાર |
| ૩ | ઉમેદવારોના નામોની દરખાસ્ત મંગાવવાની જાહેર નોટીસ | ૨૪/૦૩/૨૦૨૧ | બુધવાર |
| ૪ | ઉમેદવારના નામની દરખાસ્ત કરવા માટેની આખરી તારીખ<br>(સમય બપોરના ૧૫.૦૦ કલાક સુધી) | ૦૩/૦૪/૨૦૨૧ | શનિવાર |
| ૫ | ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ (સમય ૧૬.૦૦ કલાક સુધી) | ૦૪/૦૪/૨૦૨૧ | રવિવાર |
| ૬ | સંવર્ગવાર નોંધાયેલા ઉમેદવારોની યાદીની પ્રસિધ્ધિ | ૦૫/૦૪/૨૦૨૧ | સોમવાર |
| ૭ | ઉમેદવારી પત્રો પાછા ખેચવાની તારીખ<br>(સમય બપોરના ૧૧.૦૦ કલાકથી ૧૫.૦૦ કલાક સુધી) | ૦૭/૦૪/૨૦૨૧ | બુધવાર |
| ૮ | ઉમેદવારોના નામની આખરી યાદીની જાહેરાત | ૦૭/૦૪/૨૦૨૧ | બુધવાર |
| ૯ | મત નોંધવા માટેની તારીખ (મતદાન તારીખ) | ૨૫/૦૪/૨૦૨૧ | રવિવાર |
| ૧૦ | મત ગણતરીની તારીખ | ૨૭/૦૪/૨૦૨૧ | મંગળવાર |
| ૧૧ | પરિણામની જાહેરાતની તારીખ | ૨૭/૦૪/૨૦૨૧ | મંગળવાર |
| ૧૨ | ચૂંટાયેલા ઉમેદવારોના નામ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવાની તારીખ | ૩૦/૦૪/૨૦૨૧ | શુક્રવાર |

નોંધ :-

(૧) ઉમેદવારીપત્રો મેળવવા માટે જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએથી તેમજ બોર્ડની કચેરી ખાતેથી તા.૨૪/૦૩/૨૦૨૧ ને બુધવાર થી તા.૦૨/૦૪/૨૦૨૧ સુધી કચેરી સમય દરમિયાન રજાના દિવસો સિવાય મળી રહેશે.

(૨) બોર્ડની સામાન્ય ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવારોએ પોતાના ભરેલા ઉમેદવારી પત્રો ચૂંટણી અધિકારીશ્રીને જાતે અથવા તેમણે આ અર્થે લેખિત અધિકૃત કરેલા પ્રતિનિધિ મારફતે હાથોહાથ મોડામાં મોડા તા.૦૩/૦૪/૨૦૨૧ ને શનિવારના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦/બી, જુના સચિવાલયની બાજુમાં, ગાંધીનગર ખાતે બપોરના ૧૫:૦૦ કલાક સુધીમાં રજૂ કરવાના રહેશે. ઉમેદવારી પત્રો ટપાલ / કુરીયર દ્વારા મોકલવામાં આવશે તો તે સ્વીકારવામાં આવશે નહીં અને તે માન્ય રહેશે નહિ.

(ડી. એસ. પટેલ)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :- ૧૬/૦૩/૨૦૨૧